જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૨/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૫૨૯/૧૫

## વાહન ચોરીના માસ્ટર માઈન્ડ તેમજ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ કુખ્યાત પપ્પુ ચોરને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, સાયબર સેલ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ.શ્રી કે.આઈ.મોદી સા.ની ટીમના પો.સ.ઈ.શ્રી આર.એસ.સુવેરા, પો.સ.ઈ.શ્રી એ.વાય.બલોચ તથા પો.સ.ઈ.શ્રી જે.પી.રોજીયા નાઓ સ્કોડના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્ટાફના હેડ.કોન્સ.રાકેશકુમાર રમાશંકર તથા પો.કોન્સ. જાવેદખાન યાસીનખાન નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે આરોપી સોએબઅહેમદ ઉર્ફે પપ્પુ ચોર S/O એજાજઅહેમદ સીદ્દીકી ઉ.વ.૬૪ રહે.૫૨/૧૮૮, ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન, નુર મહેલ હોટલની પાસે, લોખંડવાળી ચાલીની સામે, રખિયાલ, અમદાવાદ શહેર. મુળ વતન ગામ બારીગાંવ નેવાદા, તા.મણીયાહુ, જિ.જોનપુર, ઉત્તરપ્રદેશ નાને વિશાલા સર્કલ પાસેથી એક ચોરીની મહિન્દ્રા પીકઅપ ગાડી નંબર જી.જે.૧૭ એક્ષ.૮૫૦૨ કિં.રૂ.૨,૦૦,૦૦૦/- સાથે પકડી પાડેલ.

પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતાં તે ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેણે ૧૯૮૭-૮૮ થી ગુનાહિત પ્રવુત્તિની શરુઆત કરેલ હતી અને શરુઆતમાં તે પોતાના ઘરની બાજુમાં ભંગારની દુકાન ધરાવતો હતો તે દરમ્યાન આજથી પચ્ચીસેક વર્ષ અગાઉ તેણે ચોરીઓ કરવાની શરુઆત કરેલ. આ રીતે તે ૨૦ થી ૨૫ જેટલા ભંગાર ચોરી તેમજ ફોરવ્હિલ તથા મોટી ટ્રકોના ભંગાર ચોરીના ગુનાઓમાં ઓઢવ, ગોમતીપુર, બાપુનગર તથા ક્રાઈમબ્રાંચમાં પકડાઈ ચુકેલ છે. તેમજ આજથી પંદરેક વર્ષ અગાઉ તે ઈંગ્લિશ તથા દેશી દારુના ૧૫ થી ૨૦ જેટલા ગુનાઓમાં ક્રાઈમબ્રાન્ચ, ગોમતીપુર, બાપુનગર પોલીસ સ્ટેશનોમાં પકડાયેલ છે. આ ગુનાઓમાં તે અમદાવાદ, જામનગર, પોરબંદર, જુનાગઢ, ભુજ, રાજકોટ વિગેરે જેલોમાં આઠેક વખત પાસા હેઠળ પણ સજા કાપી ચુકેલ છે. ઉપરોક્ત ગુનાઓ સિવાય તેના ગુનાઓનો ઈતિહાસ નીચે મુજબની વિગતે છે.

(૧) સને ૧૯૯૫ માં આ આરોપીએ તેના મહોલ્લામાં રહેતા એક ફારુખ પઠાણ નામના ઈસમનું દારુના ધંધાની અદાવતમાં ખુન કરેલ હતું. જે બાબતે રખિયાલ પો.સ્ટે.માં ખુનનો ગુનો દાખલ થયેલ હોય પકડાયેલ છે.

(૨) આ આરોપી સને ૨૦૦૨ ના ગોધરાકાંડ વખતે બનેલ કોમીનલ બનાવ અંગેના ગુનાઓમાં રખિયાલ, બાપુનગર, તથા ક્રાઈમબ્રાન્ચમાં દાખલ થયેલ ૨૫ જેટલા ગુનાઓમાં સંડોવાયેલ છે.

(૩) સને ૨૦૦૪ માં એક ઈન્દરસિંગ નામના ઈસમનું ઓઢવ વિસ્તારમાં ખુન થયેલ અને તે ગુનામાં તે ઓઢવ પો.સ્ટે. માં પકડાયેલ છે.

(૪) આ ઉપરાંત સને ૨૦૧૨ માં મહોરમના તહેવારમાં રખિયાલ પો.સ્ટે. વિસ્તારમાં એક જૈદ નામના માણસનું મર્ડર થયેલ હોય જે ખુનના ગુનામાં તે તેના દીકરા તથા બીજા બે માણસો સાથે છેલ્લા ત્રણેક વર્ષથી સાબરમતી સેન્ટ્રલ જેલમાં સજા કાપી ચુકેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

(૫) આ સિવાય તે તેના સાગરિતો સાથે મળી ટાટા ૭૦૯ ગાડી ચોરીના તેમજ લોખંડ ભંગાર તથા ટાયર તથા પ્લેટોની ચોરીના ગુનાઓમાં રામોલ, માધુપુરા, શાહીબાગ, સોલા, ઓઢવ, દાણીલીમડા, વટવા પોલીસ સ્ટેશનોમાં ચોરીના ગુનાઓમાં પકડાયેલ છે.

(૬) આ આરોપી સોલા પોલીસ સ્ટેશનમાં મહિન્દ્રા મેક્ષ પીકઅપ ચોરી

(૭) રામોલ પોલીસ સ્ટેશનમાં ડમ્પરની ચોરી

(૮) પીરાણા ટોલનાકા ચાર રસ્તા ખાતેથી એક ડમ્પરની ચોરી

(૯) દાણીલીમડા વિસ્તારમાંથી એક ડમ્પરની ચોરી

(૧૦) શાહીબાગ એરપોર્ટ પરથી એક ડમ્પરની ચોરી.

(૧૧) ચાંગોદર વિસ્તારમાંથી એક ટાટા ટ્રક (બોડી ટ્રક) ની ચોરી

(૧૨) માધુપુરા વિસ્તારમાંથી મહિન્દ્રા પીકઅપ (ડાલું) ચોરી

(૧૩) જેતલપુર પાસેથી એક ટાટા ટ્રબો ટ્રકની ચોરી

આ આરોપીની તપાસ દરમ્યાન હાલમાં નીચે મુજબના ત્રણ જેટલા વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયેલ છે.

(૧) આણંદ ટાઉન પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૩૨૫/૧૫ ઈ.પી.કો.કલમ ૩૭૯ (પંદરેક દિવસ અગાઉ)

(૨) ધોળકા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૨૨/૧૫ ઈ.પી.કો.કલમ ૩૭૯ (દશેક દિવસ અગાઉ)

(૩) હિંમતનગર બી ડીવીઝન પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૩૬/૧૫ ઈ.પી.કો.કલમ ૩૭૯ (અઠવાડીયા અગાઉ પીકઅપ ડાલાની ચોરી)

આ તમામ ટ્રકો સદરી આરોપીએ તેના સાગરિતો સાથે મળી કટીંગ કરી દેતા હતા અને ભંગારમાં જુદીજુદી જગ્યાઓએ તેઓ વેચી દેતા હતા.

આ આરોપી અગાઉ અસંખ્ય ગુનાઓમાં પકડાયેલ હોય તે પોલીસ કાર્યવાહીથી સંપુર્ણ વાકેફ હોય તેણે નાનાં વાહનોની ચોરી કરવાથી પણ ૩૭૯ ની કલમ લાગે અને મોટાં વાહનોની ચોરી કરવાથી પણ ૩૭૯ ની કલમ લાગે તેમ વિચારી મોટાં ભારે વાહનોની ચોરીઓ કરવાનો પ્લાન બનાવતા અને આ રીતે મોટાં વાહનોની ચોરીઓ કરેલ છે.

આ આરોપી ખુનના ગુનાઓમાં સાબરતી સેન્ટ્રલ જેલમાં હતો અને વીસેક દિવસની પેરોલ રજા લઈ બહાર આવેલ તે દરમ્યાન જેલમાં હાજર થયેલ નથી અને આ સમયગાળામાં તેણે તેના સાગરિતો સાથે મળી  ઉપરોક્ત ત્રણેક જેટલી ગાડીઓની ચોરીઓ કરેલ જેમાં એક ગાડી સાથે પકડાઈ ચુકેલ છે જ્યારે બાકીની બે ગાડીઓ તેણે સગેવગે કરી દીધેલ હોય આ સિવાય તેણે બીજી કોઈ ચોરીઓ કરેલ છે કે કેમ? તેમજ બીજાં કેટલાં વાહનો સગેવગે કરેલ છે તે બાબતે આરોપીની સઘન પુછપરછ તપાસ ચાલું છે અને બીજા પણ વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી પુરેપુરી શક્યતા છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)